જબુગામ મુખ્ય બજારની બંને બાજુ કચરાના ઢગલા

## બોડેલી તાલુકાના જબુગામમાં ભારે ગંદકીનું સામ્રાજ્ય, સ્વચ્છતાના દાવા સામે ઉઠ્યા સવાલો

**હજારો** રૂપિયાના ખર્ચ બાદ પણ અનેક વિસ્તારો સફાઈથી વંચિત હોવાનો સ્થાનિકોનો આક્ષેપ



(પ્રતિનિધિ) બોડેલી, તા.23

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે સ્વચ્છતાની સ્થિતિને લઈને સવાલો ઊભા થયા છે. જબુગામના મુખ્ય બજારની બંને બાજુ ગંદકી અને કચરાનાં દૃશ્યો સામે આવતાં સ્વચ્છતા અભિયાનની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, થોડા સમય અગાઉ ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં ગામના અનેક વિસ્તારોમાં હજુ પણ સફાઈનો અભાવ જોવા મળી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

આ અંગે ગ્રામ પંચાયતને જાણ કરવામાં આવતાં મજૂરોની અછત અને મજૂરીના ખર્ચના કારણે સફાઈ કામગીરી ચાલુ રાખવામાં મુશ્કેલી પડતી હોવાનું જણાવવામાં આવ્યું હોવાનો સ્થાનિકોનો દાવો છે. ગામની માત્ર બે-ત્રણ શેરીઓમાં જ સફાઈ કરવામાં આવી હોવાના આક્ષેપ વચ્ચે અન્ય વિસ્તારોમાં કચરો યથાવત રહેતાં લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લામાં એવોર્ડ પ્રાપ્ત કર્યાનું કહેવાતી જબુગામ ગ્રામ પંચાયતના કેટલાક વિસ્તારોમાં સફાઈની કામગીરી નિયમિત થતી ન હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ખાસ કરીને તહેવારોના સમયમાં પણ જો આવી જ સ્થિતિ યથાવત રહે તો સ્થાનિકોને ગંદકીની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

હવે સવાલ એ ઊભો થાય છે કે ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામમાં નિયમિત સફાઈ માટે શું આયોજન કરવામાં આવશે? શું બાકી રહેલા વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે? કે પછી અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ જ તંત્ર સફાઈ માટે જાગશે? હાલ સ્થાનિકોની માગ છે કે ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામમાં યોગ્ય અને નિયમિત સફાઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવે, જેથી સ્વચ્છતા અભિયાનના હેતુને સાર્થક કરી શકાય.

૯૦ દિવસથી દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ: રહીશો ત્રાહિમામ્

## ડભોઈ: યમુનાનગરમાં ૩ મહિનાથી ખુલ્લી ગટર, રહીશોમાં ભારે રોષ

**CMOનો** આદેશ: ૧૬ ઓક્ટોબરના પત્રથી અધિકારીઓ પાસે માંગ્યો રિપોર્ટ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.23

ડભોઇ નગરપાલિકાની કામગીરી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર આવેલી યમુનાનગર સોસાયટીમાં છેલ્લા ૯૦ દિવસથી મુખ્ય ગટરનું ચેમ્બર ખુલ્લું અને તૂટેલી હાલતમાં પડ્યું છે. ખુલ્લા ચેમ્બરના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે. આ પરિસ્થિતિને લીધે સ્થાનિક રહીશો માટે ઘરમાં બારીઓ ખોલવી કે રસ્તા પર અવરજવર કરવી પણ મુશ્કેલ બની ગઈ છે. ખાસ કરીને નાના બાળકોને મચ્છર કરડવાના બનાવો બનતા ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગચાળાનો ભય વ્યાપ્યો છે.

આ ખુલ્લું ચેમ્બર માત્ર ગંદકી જ નહીં પરંતુ જાહેર સલામતી માટે પણ મોટું જોખમ છે. સોસાયટીના મુખ્ય માર્ગ પર હોવાથી રાત્રિના સમયે કે ઓછા પ્રકાશમાં બાળકો, વૃદ્ધો અને રાહદારીઓ અકસ્માતનો ભોગ બને તેવી પૂરી શક્યતા છે. સ્થાનિક સ્તરે રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ ન આવતા, સોસાયટીના રહીશ કુશ પટેલે આખરે મુખ્યમંત્રી કાર્યાલય (CMO)ના જનસંપર્ક વિભાગમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી છે.

જેના પગલે મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સંબંધિત અધિકારીને જરૂરી કાર્યવાહી કરી અહેવાલ રજૂ કરવા આદેશ અપાયો છે. સ્થાનિકોની માગ છે કે ગટર પર તાત્કાલિક સુરક્ષિત ઢાંકણું મૂકવામાં આવે, મચ્છરોના ઉપદ્રવ સામે દવાનો છંટકાવ કરાય અને સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે. હવે CMOની સૂચના બાદ નગરપાલિકા તંત્ર ક્યારે હરકતમાં આવે છે તે જોવું રહ્યું.

ક્વાંટ સહિત છોટાઉદેપુર જિલ્લાના વિવિધ તાલુકાઓ સમરસ જાહેર

## ક્વાંટ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘમાં 'મશાલ પેનલ' બિનહરીફ

**શનીયાભાઈ** રાઠવા પ્રમુખ અને વિમલકુમાર પરમાર મહામંત્રી તરીકે વરણી પામ્યા



(પ્રતિનિધિ) ક્વાંટ, તા.23

ક્વાંટ તાલુકા અને જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં 'મશાલ પેનલ'ના તમામ હોદ્દેદારો બિનહરીફ વિજેતા જાહેર થતાં શિક્ષક આલમમાં ખુશીનો માહોલ છવાયો છે.

તાલુકા સંઘની નવી કારોબારીમાં પ્રમુખ તરીકે શનીયાભાઈ કે. રાઠવા, સિનિયર ઉપપ્રમુખ તરીકે હિમાંશુભાઈ રાઠવા અને મહામંત્રી તરીકે વિમલકુમાર કે. પરમારની પસંદગી કરાઈ છે. આ ઉપરાંત કાર્યાધ્યક્ષ તરીકે રવિન્દ્રકુમાર રાઠવા, ખજાનચી તરીકે હરિવદનભાઈ રાઠવા સહિત અન્ય હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા છે. જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં ક્વાંટ તાલુકામાંથી સિનિયર ઉપપ્રમુખ તરીકે અનિલભાઈ રાઠવા, ઓડિટર-૨ તરીકે જયંતિભાઈ રાઠવા અને પ્રચારમંત્રી તરીકે પ્રકાશભાઈ રાઠવા વરણી પામ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ક્વાંટ ઉપરાંત કદવાલ, છોટાઉદેપુર, પાવીજેતપુર, બોડેલી અને સંખેડા તાલુકા પણ સમરસ જાહેર થયા છે. નવી કારોબારીએ શિક્ષકોના પડતર પ્રશ્નોના ઉકેલ અને શિક્ષણના વિકાસ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

## ડભોઈના સીમળીયા ગામે મેગા લીગલ સર્વિસ અને સેવાસેતુ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 23

ડભોઈ તાલુકાના સીમળીયા ગામે ધારાસભ્ય શૈલેષ મહેતાના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને ડભોઈ વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે "મેગા લીગલ સર્વિસ કેમ્પ અને સેવા સેતુ કેમ્પ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડભોઈ ગ્રામ્ય વિસ્તારના ૧૨૦૦ જેટલા નાગરિકોએ હાજરી આપી હતી.



આ કેમ્પમાં છેલ્લા ૬૦ દિવસથી નીઃસહાય અને પીડિતોને ઘરઆંગણે જ મફત કાનૂની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ સરકારી યોજનાઓ હેઠળ ૭૫ જેટલા લાભાર્થીઓને આદરણીય મહાનુભાવોના હસ્તે લાભપત્રો એનાયત કરાયા હતા.

કાર્યક્રમમાં જિલ્લા દિવાની કોર્ટના ન્યાયાધીશ ડી.વી. સાવલિયા, જિલ્લા પંચાયત સદસ્ય હર્ષિલ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય શાંતિલાલ તડવી, નાયબ કલેક્ટર, મામલતદાર, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભૂપેન્દ્ર પટેલ, વકીલો, તલાટીઓ અને ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના જ ગામ નજીક સરકારી સેવાઓ અને મફત કાનૂની સહાયનું ઝડપી નિરાકરણ મળતા ગ્રામજનોએ ભારે સંતોષ અને રાહતની લાગણી અનુભવી હતી.

જાહેરનામાના કડક અમલ સાથે દંડનીય કાર્યવાહીની માગ

## છોટાઉદેપુર: ડોન બોસ્કો સ્કૂલ બ્રિજ પર કલેક્ટરના જાહેરનામાનો ભંગ!

**જિલ્લા** કલેક્ટરના જાહેરનામાંનો અમલ થશે ખરો?



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

છોટાઉદેપુર જિલ્લામાં ડોન બોસ્કો બ્રિજ પર ભારદારી વાહનો પર પ્રતિબંધો હોવા છતાં વાહનોની અવરજવર થતી હોવાના આક્ષેપથી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

છોટાઉદેપુર જિલ્લાના ડોન બોસ્કો બ્રિજ પર કલેક્ટરશ્રીના જાહેરનામાનું ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદો સામે આવી રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, બ્રિજ પર દરરોજ મોટી સંખ્યામાં વાહનોની અવરજવર જોવા મળે છે. જો જાહેરનામા હેઠળ વાહનવ્યવહાર પર પ્રતિબંધ કે નિયંત્રણ લાગુ હોય, તો તેનું પાલન કરાવવાની જવાબદારી કોની છે? જાહેરનામું માત્ર કાગળ પર જ રહેશે કે તેનો અમલ પણ થશે? એવો સવાલ હવે જનતામાં ચર્ચાઈ રહ્યો છે. જો પ્રતિબંધ હોવા છતાં વાહનોની અવરજવર ચાલુ હોય, તો સંબંધિત જવાબદાર અધિકારીઓ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી રહી છે, તે પણ સ્પષ્ટ થવું જોઈએ.

આ મામલે જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગે તાત્કાલિક સ્થળ તપાસ કરી, જાહેરનામાની શરતોનો કડક અમલ કરાવવો જોઈએ. નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે છોટાઉદેપુરનું વહીવટી તંત્ર આ મામલે કડક પગલાં ભરે છે કે પછી જાહેરનામાના અમલ અંગેના સવાલો યથાવત્ રહે છે.?

## ગવાસદ પાસે ટ્રેલરની અડફેટે બાઈક સવારનું મોત, એક વ્યક્તિને ઈજા

**પાદરા-જંબુસર** રોડ પર ગેલ ઇન્ડિયા સ્ટેશન પાસે અકસ્માત

(પ્રતિનિધિ) પાદરા, તા. 23

પાદરા-જંબુસર રોડ પર ગવાસદ ગામ નજીક ગેલ ઈન્ડિયા સ્ટેશન સામે ટ્રેલરની અડફેટે બાઈક સવારને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં બાઈક પર સવાર અન્ય એક વ્યક્તિને પણ ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે વડુ પોલીસે ટ્રેલરના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગવાસદ ગામ નજીક પાદરા-જંબુસર રોડ પર ગેલ ઈન્ડિયા સ્ટેશન સામે આ અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાન પાસિંગના ટ્રેલર ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકાર્યું હતું. ચાલકે કોઈ સાઈડ સિગ્નલ આપ્યા વિના અચાનક ટ્રેક બદલી બ્રેક મારતાં ટ્રેલર આગળ જતી સ્પ્લેન્ડર બાઈક સાથે પાછળથી અથડાયું હતું.

અકસ્માતમાં બાઈક પર સવાર ફરિયાદી જશવંતભાઈ પ્રતાપભાઈ પઢિયાર (ઉ.વ. ૪૮, રહે. ચિત્રાલ, ઘાંચી ફળિયું, તા. પાદરા)ને મોઢાના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે કિરણભાઈ ભુપતભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૦, રહે. ધોબીકુવા, તા. પાદરા)ને માથા તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

## ધ્યાના સંશોધન નગરીના બાળકોની કામગીરીને CMએ બિરદાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાના પાદરા સ્થિત 'ધ્યાના સંશોધન નગરી ફાઉન્ડેશન'ના બાળકો દ્વારા યોજાયેલા 'પર્યાવરણ મૈત્રી ગણેશોત્સવ'ને બિરદાવતો પ્રશંસા પત્ર સંચાલક શ્રી બ્રિજેશભાઈ પટેલને પાઠવ્યો છે.

બાળકોએ ફટકડી, ગોળ, ચોકલેટ તેમજ માટી અને બીજમાંથી સંપૂર્ણ વિસર્જનક્ષમ ગણેશ પ્રતિમાઓ બનાવી હતી. વિસર્જન બાદ ફટકડીથી જળ શુદ્ધિકરણ તેમજ ગોળ અને ચોકલેટથી શરબત-મિલ્ક શેકનો પ્રસાદ વહેંચવાની સર્જનાત્મકતા દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના પર્યાવરણ સુરક્ષાના સંકલ્પને સાકાર કરતી આ પહેલને બિરદાવી સંસ્થા અને બાળકોને શુભકામનાઓ પાઠવી હતી.

## સમલાયા: શ્રી PSLS વિદ્યાલયના નૂતન શાળા ભવનનું લોકાર્પણ

**વૈદિક** મંત્રોચ્ચાર અને લક્ષ્મી હોમ બાદ વિદ્યાક્ષેત્રે ઉત્સાહભેર ગૃહપ્રવેશ કરાયો

(પ્રતિનિધિ) સાવલી, તા. 23

સમલાયા સ્ટેશન સ્થિત શ્રી પી. એસ. એલ. એસ. વિદ્યાલય ખાતે નૂતન શાળા ભવનના લોકાર્પણનો પ્રેરણાદાયી પ્રસંગ યોજાયો હતો. વિદ્યાલયના બાળકો દ્વારા નિયમિત કરાતા હનુમાન ચાલીસા પઠન અને પ્રાર્થનાના ફળસ્વરૂપે, હાથી પરિવારે બાળકોના શ્રેષ્ઠ ભવિષ્ય માટે આ અદ્યતન શાળા ભવનનું ઉદારદિલથી દાન અર્પણ કર્યું છે.

સનાતન પરંપરા અનુસાર લક્ષ્મી હોમ અને પૂજનવિધિ બાદ મંત્રોચ્ચાર વચ્ચે બાળકોએ ઉત્સાહભેર નવનિર્મિત ભવનમાં ગૃહપ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે હાથી ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રીમતી અલ્પાબેન હાથી અને શ્રી સમીતભાઈ હાથી, 'વન કાઈન્ડ એક્ટ'ના ટ્રસ્ટી શ્રીમતી મોનાબેન ભોગલ, કેળવણી મંડળના પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલ, મંત્રી ડાહ્યાભાઈ પટેલ, ઉપપ્રમુખ જયેન્દ્રભાઈ પટેલ તથા આચાર્ય મહેન્દ્રસિંહ જાદવ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉદાર મનથી દાન આપનાર દાતાશ્રીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સરસ્વતી વંદના, સ્વાગતગીત અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આચાર્યશ્રીએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## માસર રોડ હાઈસ્કૂલના આચાર્ય કૌશિકભાઈ રાણાને સન્માનપૂર્વક વિદાય અપાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 23

શ્રી એમ.એમ.પી.એસ.એસ. હાઈસ્કૂલ, માસર રોડના આચાર્ય કૌશિકકુમાર રાણાનો નિવૃત્તિ વિદાય સમારંભ કેળવણીકાર નગીનભાઈ અભોરવાળાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ૧૦ ગામના સરપંચો, ૧૭ ગામના પૂર્વ વિદ્યાર્થીઓ અને આગેવાનોએ હાજરી આપી તેમની શૈક્ષણિક સેવાઓને બિરદાવી હતી. કાર્યક્રમમાં ગુરુવંદના, દીપ પ્રાગટ્ય અને સ્વાગત નૃત્ય રજૂ કરાયા હતા. આ સાથે નિવૃત્ત થનારા સેવક પ્રતાપભાઈ વસાવાનું પણ વિશિષ્ટ સન્માન કરાયું હતું. કૌશિકભાઈના પુત્ર ડૉ. જતન તરફથી સ્વાદિષ્ટ ભોજન સમારંભ યોજાયો હતો. અંતમાં ઉપસ્થિત સૌ અતિથિઓએ કૌશિકભાઈ રાણાને સુખી અને તંદુરસ્ત નિવૃત્ત જીવન માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

## મોટીબુમડીના સ્વામિનારાયણ ગુરુકુળમાં સિકલસેલ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો

**૪૪૪** વિદ્યાર્થીઓમાંથી ૭૯ બાળકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા



(પ્રતિનિધિ) બોડેલી, તા. 23

મોટીબુમડી આરોગ્ય સ્ટાફ દ્વારા સ્વામિનારાયણ સ્કૂલ ગુરુકુળ છાત્રાલય ખાતે વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસના ભાગરૂપે સિકલસેલ સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કુલ 444 જેટલા વિદ્યાર્થીઓનું સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું, જેમાંથી 79 બાળકોના સિકલસેલ ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા.

આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા તમામ વિદ્યાર્થીઓને સિકલસેલ રોગ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને રોગની ઓળખ, તેની અસરો અને સમયસર તપાસ તથા યોગ્ય તબીબી સલાહના મહત્વ વિશે સમજણ આપવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન સ્વામિનારાયણ સ્કૂલ ગુરુકુળના પ્રિન્સિપાલ તેમજ શાળાના સ્ટાફ દ્વારા આરોગ્ય વિભાગને સારો સહકાર આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં સિકલસેલ અંગે જાગૃતિ ફેલાવવા અને સમયસર તપાસ દ્વારા આરોગ્યની કાળજી લેવા માટે આ કામગીરી મહત્વપૂર્ણ બની હતી.

રોજની 70 લાખ લિટર પાણી શુદ્ધ કરવાની ક્ષમતા

## બોડેલીનો નર્મદા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નગરપાલિકાને સોંપાશે



(પ્રતિનિધિ) બોડેલી તા.23

બોડેલીના માર્કેટ કમ્પાઉન્ડને અડીને આવેલો નર્મદા મુખ્ય નહેરના પાણીને શુદ્ધ કરવાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રાજ્યના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા બનાવવામાં આવ્યો છે બોડેલી નગરપાલિકાને આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ હસ્તાંતરણ કરી સુપ્રત કરવાની વહીવટી પ્રક્રિયા હાલ ચાલી રહી છે. ટૂંક સમયમાં જ આ પ્લાન્ટ સરકારના પાણી પુરવઠા વિભાગ ના વહીવટમાંથી બોડેલી નગરપાલિકા ની માલિકીનો બની જશે. બોડેલીમાં નર્મદા મુખ્ય નહેરના પાણી શાખા નહેર મારફતે રાઈઝીંગ મેઈન દ્વારા બોડેલી બજાર સમિતિના કમ્પાઉન્ડને અડીને બનાવવામાં આવેલ રાક્ષસી કદના ફિલ્ટરેશન પ્લાન્ટના સંપ માં ઠાલવવામાં આવે છે. રોજના 70 લાખ લિટર પાણી ફિલ્ટર કરવાની ક્ષમતા ધરાવતા આ ડબલ્યુટીપી પરથી બોડેલી, અલીપુરા ઢોકલીયા અને ચાચક ગ્રામ પંચાયતો ની હદમાં વિશાળ સંપ બનાવી ત્યાં પાણી સપ્લાય કરવામાં આવે છે. આ ફિલ્ટરેશન પ્લાન્ટ લગભગ 6 કરોડ રૂપિયાના ખર્ચે નવો બનાવવામાં આવ્યો હતો. જેમાંથી શુદ્ધિકરણ કરેલ પાણી નદી કિનારે ફિલ્ટરેશન પ્લાન્ટ પાસે 32 લાખ લિટર ક્ષમતા ધરાવતા સંપ માં, બોડેલીમાં 18 લાખ લિટરના સંપમાં, અલીપુરામાં 14 લાખ લિટરનો સંપ, ઢોકલીયા માં ચાર લાખ લિટરનો સંપ તેમજ ચાચકમાં ચાર લાખ લીટર ક્ષમતા ધરાવતા સંપમાં ઠાલવવામાં આવે છે. બોડેલી નગરપાલિકામાં સમાવિષ્ટ જાખરપુરા અને ચારોલા ગામોને બીજી જૂથ પાણી પુરવઠા યોજના મારફતે પાણી પુરવઠો અપાય છે. આ યોજના થકી રોજના 25,000 થી વધુ નાગરિકોને પીવાના પાણી સપ્લાય કરવામાં આવે છે.

## શિનોર:અવાખલમાં૧૫.૬૦ લાખની ચોરી, તસ્કરો ફરાર!

**ચોરીની** સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ: શિનોર પોલીસ દ્વારા સઘન તપાસ



(પ્રતિનિધિ) શિનોર, તા. 23

શિનોર તાલુકાના અવાખલ ગામે વહેલી સવારે ચોરીનો મોટો બનાવ સામે આવતા સમગ્ર પંથકમાં સન્નાટો વ્યાપી ગયો છે. આ ચોરીના પગલે શિનોર પોલીસના નાઈટ પેટ્રોલિંગની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

અવાખલ ગામના મસ્જિદ ફળિયામાં રહેતા પટેલ સુભાષભાઈ મનહરભાઈ પોતાનું મકાન બંધ કરીને વડોદરા ગયા હતા. તસ્કરોએ બંધ મકાનનો લાભ ઉઠાવી વહેલી સવારે આશરે પાંચ વાગ્યાના સુમારે બાઈક પર આવી નકૂચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરમાં રાખેલી તિજોરી તોડીને તેમાંથી આશરે ૧૦ થી ૧૨ તોલા સોનાના દાગીના, એક કિલો ચાંદી અને ૧.૯૦ લાખ રોકડા મળી કુલ ૧૫.૬૦ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પોલીસના નાઈટ પેટ્રોલિંગને ખુલ્લો પડકાર ફેંકી તસ્કરો સક્રિય થતાં સ્થાનિક રહીશોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે. સીસીટીવી ફૂટેજના આધારે શિનોર પોલીસે તસ્કરોનો પત્તો લગાવવા માટે આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૬ - સરદાર સાહેબની ૧૫૧મી જન્મજયંતિ

## એકતાનગરમાં ગુંજશે એકતાનો જયઘોષ : SNIC એકતા દિવસ-2026ની તૈયારીઓ પૂરજોશમાં

(પ્રતિનિધિ) રાજપીપલા, તા.23

રાષ્ટ્રીય એકતા દિવસ-2026ની ઉજવણીને લઈને એકતાનગરમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વિશેષ અવસરે સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીક આવેલા GNLA, રાજપીપળા ખાતે દેશભરના 205 NCC કેડેટ્સ એકત્રિત થયા છે. 17 ડિરેક્ટોરેટ્સના કેડેટ્સ એક જ ધ્યેય એક ભારત, એક ભાવના અને એકતા સાથે અહીં જોડાયા છે.



પરેડની તૈયારીના ભાગરૂપે કેડેટ્સે વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પ્રથમ પ્રેક્ટિસ કરી હતી. વિશાળ પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં તાલબદ્ધ કદમ, અડગ શિસ્ત અને અદભુત સંકલનનો નજારો જોવા મળી રહ્યો છે. દરેક કેડેટની સચોટ હિલચાલ અને સમૂહમાં દેખાતી એકરૂપતા તેમની મહેનત, સમર્પણ અને ટીમ સ્પીરિટનું પ્રતિબિંબ બની રહી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીની આ પરેડ માત્ર કવાયત નથી; તે ભારતની વિવિધતામાં વસતી એકતાનું જીવંત પ્રતીક છે. દેશના જુદા જુદા પ્રદેશો, ભાષાઓ અને સંસ્કૃતિઓમાંથી આવેલા કેડેટ્સ અહીં એક જ ગણવેશમાં, એક જ લયમાં આગળ વધી રહ્યા છે. 31મી ઓક્ટોબરે કુલ 205 NCC કેડેટ્સ પૈકી 148 માર્ચપાસ્ટ અને 45 કેડેટ્સ બેન્ડમાં સામેલ રહેશે જ્યારે 12 જેટલા કેડેટસ રિઝર્વમાં રહેશે. તેમની હાજરી રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે અને યુવાનોમાં દેશસેવા, શિસ્ત તથા જવાબદારીનો મજબૂત સંદેશો પણ આપે છે. "એકતા અને શિસ્ત" NCCનું સૂત્ર છે, અને કેડેટ્સની તાલીમ તથા તેમની શિસ્તબદ્ધ પરેડમાં પણ આ સૂત્ર સાકાર થતું જોવા મળે છે.